# બોરીજ ગામ ગંદકીથી ખદબદી ઉઠ્યું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ગતરાત્રીથી ધીમીધારે વરસાદ સતત વરસી રહ્યો છે.ત્યારે નગરમાં પહેલા ગ્રામજનોને રાત્રીના ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે ખદબદતી ગંદકીને પગલે ગામલોકના આરોગ્ય પર ખતરો ધીમીધારે વરસાદનો પ્રારંભ થતા વાતાવરણમાં ઠંડકમાં છવાઈ જવા પામી છે. તો બીજીતરફ શહેરના માર્ગો તેમજ સેકટરોના આંતરીક છે.જેને અનુલક્ષીને ગામમાં ચોમાસાની સિઝનમાં ગંદકી અને કાદવ-કિચડની સમસ્યા ગ્રામજનોને સતાવે છે. નગરમાં વરસી રહેલા પામ્યો છે. ગ્રામજનોને મચ્છરો શાંતિથી નિંદર પણ માણવા દેતા નથી. ત્યારે છેલ્લા ઘણા સમયથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં




વરસાદમાં જ તંત્રની પોલ ખુલી જવા પામી છે. નગરના માર્ગો પર ઠેરઠેર પાણી ભરાયા છે. તો બીજીતરફ પાણીના ભરાયેલા ખાબોચીયાને પગલે શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાં કાદવ-કિચડને કારણે માર્ગ પરથી પસાર થવુ પણ મુશ્કેલીરુપ સાબિત થઈ રહ્યું છે. જયારે ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ અસહ્ય બનતા ઝળુંબી રહ્યો છે.ત્યારે ચોમાસાની સિઝનને પગલે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થાય અને કાદવ-કિચડથી છુટકારો મળે તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

સમગ્ર રાજયમાં મેઘરાજાનું આગમન થઈ ચુક્યું છે. ત્યારે ગાંધીનગરમાં પણ વરસાદી વાતાવરણ જામ્યું છે. ગત્ રાત્રીથી માર્ગો પર પાણી ભરાયેલા નજરે પડે છે. ત્યારે શહેરમાં સમાવિષ્ટ આદિવાડા, ફતેપુરા, ઈન્દ્રોડા, તેમજ બોરીજ સહિતના ગામોની હાલત વરસાદી સિઝનમાં અત્યંત દયનીય બની જવા પામે છે. જયારે બોરીજ ગામ નદી કિનારે આવેલ તેમજ ગામમાં ઢોળાવ હોવાથી પાણી ભરાવાની સમસ્યા રહે પહેલા વરસાદમાં જ ગામલોકની હાલત કફોડી બની જવા પામી છે. બોરીજ ગામના દરેક પરા વિસ્તારમાં કાદવ કિચડને પગલે નાગરીકો તેમજ વાહનચાલકોને પસાર થવુ મુશ્કેલીરુપ બની ગયું છે. વરસાદી પાણીના ભરાવાને કારણે તેમજ કાદવને પગલે ગંદકી વધી જતા મચ્છરોનો ત્રાસ પણ વધી જવા પાણીજન્ય અને વાહકજન્ય રોગાચાળો માથું ઉચકી રહ્યો છે. તેવી સ્થિતિમાં બોરીજ ગામના નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા ગામમાં ભરાતા વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તેમજ કાદવ-કિચડ દુર કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ કરી રહ્યા છે.

# જીએસટી અને વરસાદ બંને સાથે આવ્યા... નાહી લો હવે

## જીએસટી મુદ્દે સોશ્યલ મિડીયા પર નેટીઝન્સની મનોરંજક તડાફડી

ગાંધીનગર, તા. ૧

દેશભરમાં મોદી સરકારે ઐતિહાસિક રીતે ‘એક દેશ, એક વેરો’ થીમ પર આધારિત ગુડ્સ એન સર્વિસ ટેક્ષને ગઈકાલે મધરાતથી લાગુ પાડી દીધો છે. દેશભરમાં જીએસટી અંગે પ્રવર્તી રહેલ અનેક પ્રકારની અસમંજસો તથા વિરોધને અવગણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની શૈલી અનુસાર એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યુ છે. જેના પરિણામો કેવા હશે તે તો આગામી સમય જ કહેશે. પરંતુ જીએસટી લાગુ પાડવાની સાથે સાથે નગરના નેટીઝન્સ દ્વારા સોશ્યલ મિડીયા પર અનેક પ્રકારની રસપ્રદ મજાકો ફરતી જોવા મળી હતી તે માણવા જેવી છે.

● જીએસટી એટલે ગાંઠિયા-સંભારો-તીખા મરચાં

● જીએસટી એટલે ગામડે સેટ થઈ જાઓ

● જીએસટી એટલે ગુડ નાઈટ-સ્વીટડ્રીમ્સ-ટેક કેર

● હવે દેશ આખો શનિ શિંગણાપુર જેવો બની જશે, ક્યાંય તાળા નહી મારવા પડે, ક્યાંય ચોરી નહી થાય. ...કારણ કે કંઈ વધશે તો ચોર ચોરી કરવા આવશેને ?

● પત્નિ : તમે મને કેટલો પ્રેમ કરો છો ?

પતિ : ૭૨ ટકા

પત્નિ : કેમ ૧૦૦ ટકા કેમ નહી ?

પતિ : અરે ગાંડી, ૨૮ ટકા જીએસટી લાગે.

● માલ્યાનો દારૂ, અંબાણીનું પેટ્રોલ અને અદાણીની વીજળી... આ ત્રણેય જીએસટીમાંથી બહાર

● પુછતા હતાને કે વરસાદ પહેલા આવશે કે જીએસટી ? લો બેય સાથે આવ્યા... નાહી લો હવે...

● ૨૯ રાજ્યોમાં સેંકડો ટેક્ષ કાયદા હતા. બધા બધાને સમજાતા હતા, હવે ૧૩૦ કરોડ દેશવાસીઓ માટે એક જ કાયદો છે તો એ સમજાતો નથી..? તમે પણ આઈએએસના ટોપર જેવા છો.

● એક હજાર છોકરીઓ મરી ગઈ અને પાંચસો કોમામાં છે કોઈકે અફવા ફેલાવી છે કે જીએસટી એટલે ‘ગર્લ્સ સેલ્ફી ટેક્ષ’

● પત્નિ : હું બાજુવાળા રશ્મિભાભી સાથે ફિલ્મ જોવા જાઉં છુ.

પતિ : તો હું પણ સાથે આવુ છું

પત્નિ : ‘ના હો...જીએસટી

પતિ : એટલે ?!

પત્નિ : ઘરે જ સારા તમે.

● અંતમાં મોદી સાહેબે જીએસટીનો નવો જ અર્થ સમજાવી દીધો...

જીએસટી એટલે ‘ગુડ એન્ડ સિમ્પલ ટેક્ષ’

# સે-૨૩ બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે અતુલભાઈ ત્રિવેદીની વરણી

ગાંધીનગર, તા.૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સેકટર-૨૩ સાધારણ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં આગામી બે વર્ષ માટે પ્રમુખ, મંત્રી અને ખજાનચીની વરણી કરવામાં આવી છે. જયારે બાકીના દરેક હોદેદારને કારોબારી સભ્ય તરીકે રાખવામાં આવ્યા છે.

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ની સાધારણ સભા ગત તા.૨૫-૬-૧૭ના રોજ યોજાઈ હતી. જેમાં સે-૨૩ બ્રહ્મસમાજના તમામ હોદેદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં પ્રમુખ તરીકે અતુલભાઈ ત્રિવેદી, મંત્રી તરીકે તપન ત્રિવેદી, તેમજ ખજાનચી તરીકે અશોકભાઈ પંડયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જયારે અન્ય કારોબારીમાં પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, પરેશભાઈ દવે, બંકિમચંદ્ર મહેતા, નરેન્દ્ર વ્યાસ, મુકેશ શુકલ, દિલિપભાઈ સી.જાની, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામભાઈ જોષી, મેહુલ દવે, ભાસ્કર વ્યાસ, જયેશ આચાર્ય, ચિરાગ ત્રિવેદી સહિતના સભ્યોની વરણી કરવામાં આવી છે.

# વી.કેર ફાઉન્ડએશન દ્વારા યોગ કાર્યક્રમ યોજાયા

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સમગ્ર દેશમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે યોગ નિયમિતપણે કરીએ ત્યારે દેશના વડાપ્રધાન મોદીજી યોગ માટે જાગૃતતા કેળવવા યોગ મિશન સો ટકા સફળ નીવડે. ખુશનુમા વાતાવરણમાં માત્ર ૪૫ મિનિટ યોગ કરવાથી શરીરના અંગને જરૂરી કસરત મળી રહે. યોગથી બિમારી દૂર થાય સાથોસાથ શારીરિક અને માનસિક તકલીફ દૂર થાય. મનોબળ મજબૂત બને. યાદ શક્તિમાં વધારો થાય, યોગ શરીર માટે માટે વરદાનરૂપ છે.

# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગુરુજી સત્યનાં માર્ગે ચાલવાવાળા છે... તમારું પાનકાર્ડ આધારકાર્ડ જમા કર્યા પછી જ કથામાં બેસી જ્ઞાન લેવા દેશે...

# એક્ઝીબીશનની આસપાસથી ૫૦ જેટલા વાહનો પોલીસને ટો કરવા પડ્યા

## આડેધડ અડચણરુપ પાર્ક કરેલા વાહનોથી અન્ય વાહનચાલકો પરેશાન થઇ ગયા: આડેધડ મુકેલા વાહન હટે નહી ત્યા સુધી કલાકો સુધી બેસી રહેવુ પડ્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીગનર શહેરનાં સેક્ટર-૧૭ ખાતે સ્થિત એક્ઝીબીશન સેન્ટર ખાતે ટેક્સટાઈલ ઈન્ડીયા ૨૦૧૭નુ ભવ્ય આયોજન કરવામાં વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી છે. તેમ છતા વાહનચાલકો દ્વારા પોતાના વાહનો એક્ઝીબીશન આસપાસનાં માર્ગો પર આડેધડ નડતરરુપ પાર્ક કરી દેવામાં આવે છે. બી.જે.વ્યાસને આ ફરિયાદો મળતા ટોઈંગ વાનો દોડતી કરી હતી. કોઈ મુલાકાતીઓ પરેશાન ન થાય અને ટ્રાફીક અવરજવર સુચારુ રહે તેવો નિર્ણય લઈ ૫૦થી વધુ આડેધડ પાર્ક



આવ્યુ છે ત્યારે આ સ્થળે હજારોની સંખ્યામાં મુલાકાતીઓની અવરજવર થઈ રહી છે. મુલાકાતીઓને વાહન પાર્કિંગની અગવડ ન પડે તે હેતુસર ચાર મોટા ગ્રાઉન્ડમાં વાહન પાર્કિંગની ખાસ જેને પગલે વ્યવસ્થીત પાકલ્ગ કરીને ગયેલા વાહનચાલકોએ આડેધડ મુકાયેલા વાહનો જ્યા સુધી ન હટે ત્યા સુધી કલાકો સુધી બેસી રહેવુ પડ્યુ હતુ અને હેરાન થવુ પડ્યુ હતુ.

ગાંધીનગર ટ્રાફીક પી.આઈ થયેલા વાહનો ટો કરવામાં આવ્યા હતા. વાહનો ટો કરીને ટ્રાફીક પોલીસે આ અડચણરુપ મુકાયેલા વાહનો ટોઈંગ વાનની મદદથી વ્યવસ્થિત પાર્ક કરી શિરદર્દ સમાન બનેલી આ ટ્રાફીકની સમસ્યાનો ઉકેલ લાવ્યો હતો.

# વુલમાર્કની ‘મેડ ઈન ઈન્ડિયા’ પહેલ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝને મદદરૂપ બનશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે યોજાયેલા ‘ટેક્ષટાઈલ ઈન્ડિયા-૨૦૧૭’ એક્સ્પોમાં ઓસ્ટ્રેલિયન કંપની વુલમાર્ક દ્વારા ભારતમાં વુલ ફેબ્રિક ક્ષેત્રે ‘મેકઈન ઈન્ડિયા’ પહેલમાં સામેલ થવાની તક ગણાવતા ઓસ્ટ્રેલિયાના ઉન અને ભારતના હાથશાળ ક્ષેત્રના સંયોગથી વિપુલ વેપારી તકો સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રસંગે યોજવામાં આવેલ પત્રકાર પરિષદને સંબોધતા ઓસ્ટ્રેલિયાના ડેપ્યુટિ કમિશનર ક્રિસ એલ્સ્ટેમ્ફ્ટ ભારતના ટેક્ષટાઈલ મંત્રાલયના એડવાઈઝરવુલ અદિત રાઉત, ઓસ્ટ્રેલિયન વુલ ઈનોવેશન ફોર કોર્પોરેટ એફેર્સ એન્ડ ઈન્ટરનેશનલ માર્કેટ એક્સેસના જનરલ મેનેજર પીટા સ્લેક સ્મિથ, વુલમાર્ક ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર આરતી ગુડાલ તથા કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર ટીવીસ્ટાર શ્રવણ રેડ્ડી ઉપસ્થિત રહ્યા હતા.

વુલમાર્ક કંપનીને પોતાના ઓસ્ટ્રેલિયામાં સફળ વૃદ્ધિના બીજા તબક્કાની ટેક્સટાઈલ ઈન્ડિયા ૨૦૧૭ દરમિયાન મેડ ઈન ઈન્ડિયા પહેલનની જાહેરાત કરી છે. આ ચાવીરૂપ કેમ્પેન સતત ખેતરથી ફેશન સુધીની મેરિનો ઉનની સફર જેનું ઉત્પાદન ઓસ્ટ્રેલિયામાં છે અને તેના પર પ્રક્રિયા બાદ ભારતમાં ફેશનની અનોખી ચીજવસ્તુઓ તૈયાર થાય છે તે દર્શાવી ઓસ્ટ્રેલિયાના ઉન અને ભારતના હાથસાળ ક્ષેત્ર બંનેની સાર્થકતા જણાવશો આ ઝુંબેશ વધુમાં બ્રાન્ડસ ઉત્પાદકો અને ભારત સરકારને ઉન પુરૂ પાડતી સાંકળમાં જોડશે અને આ વર્ષે ઉપભોક્તા પણ આ સફરમાં જોડાશે.

વુલમાર્ક કંપની કન્ટ્રી મેનેજર ઈન્ડિયા, આરતી ગુડાલે કહ્યું કે ગ્રોન ઈન ઓસ્ટ્રેલિયાના આ બીજા વર્ષે મેરિનો ઉનની સૌથી નીચલા સ્તરથી માંડી વૈશ્વિક સ્તર સુધીની સફર મેડ ઈન ઈન્ડિયા પ્રાકશમાં લાવે છે. એ ભારતમાં ઉત્પાદન સાથે ઉનના વપરાશને વધારવાનો હેતુ પણ ધરાવે છે. આ કેમ્પેન ચાર મહિના જેટલો લાંબો છે જે સપ્ટેમ્બરમાં શરૂ થઈ ડીસેમ્બર સુધી ચાલશે.

પીટા સ્લેકસ્મિથ, ઓસ્ટ્રેલિયન વૂલ ઈનોવેટિવ જનરલ મેનેજર ફોર કોર્પોરેટ અફેર્સ એન્ડ ઈન્ટરનેશનલ માર્કેટ એક્સેસે જણાવ્યું હતું કે ગ્રોન ઈન ઓસ્ટ્રેલિયા, મેડ ઈન ઈન્ડિયા ઝુંબેશને ભારત સરકાર તરફથી જે તકો મળી રહી છે તે જોતા આનંદ થાય છે. વધુમાં આ તબક્કામાં ઉપભોક્તાના મેરિનો ઉનની અસંખ્ય શક્યતાઓ ટ્રાન્સ-સીઝનલ અને કુદરતી રેષા તરીકે જાગૃતિ કેળવવાની ઉત્તમ તક છે.

આ પહેલ નભે તેવી ફેશનનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે જે ભારતીય કસબીઓ અને ઓસ્ટ્રેલિયાના ઉન ઉત્પાદકોના સંયુક્ત પ્રયત્નો રજૂ કરે છે. શ્રવણ રેડ્ડી, વૂલ એમ્બેસેડર ઈન ઈન્ડિયાએ જણાવ્યું હતું કે આ ઝુંબેશ દર્શાવશે કે કેવી સુંદર રીતે મેરિનો ઉન ફેશનમાં પલટાય છે અને સક્રિય પોશાક, પરિધાનો, પછી ગમે તે મોસમ હોય તેમાં પરિણામે છે મને આનંદ છે કે મારા મેરિનો ઉનનો અનુભવ હું યુવાનોને આપી શકીશ.

# ગાંધીનગરમાં એક દિવસીય નિઃશુલ્ક કાવ્ય શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તા. ૨૨મી જુલાઈને શનિવારના રોજ એક દિવસીય નિઃશુલ્ક કાવ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેવા કવિઓએ તેમનુ નામ, જન્મ તારીખ, ઉંમર, સરનામુ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, વ્હોટસએપ નંબર, ઈમેલ, તાજેતરનો ફોટો અને પોતાની બે મૈલિક રચના જે પ્રકાશિત અથવા અપ્રકાશિત કોઈપણ હોય તે મોકલી આપવા જણાવાયુ છે.

આ માહિતિ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને ઈમેલ આઈડી gnrsanityasabha@gmail.com પર તા. ૧૦મી જુલાઈ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવી છે. આ શિબિરમાં માત્ર ૫૦ શિબિરાર્થી લેવાના હોઈ ગુણવત્તાના આધારે પસંદગી કરવામાં આવશે અને પસંદગી પામનારને વ્યક્તિગત રીતે જાણ કરાશે. આ શિબિર અંગે વધુ માહિતી માટે સંજય થોરાતને મો. નં. ૯૪૨૬૮૮૦૪૦૦ પર સંપર્ક સાધવા જણાવાયુ છે.

# તબીબી શિક્ષકો અને નર્સિંગ સ્ટાફનો સ્નેહમિલન નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

## આ પ્રસંગે રકતદાન કેમ્પમાં ૨૪ બોટલ રકત એકત્ર થયું

ગાંધીનગર, તા.૧

જીએમઈઆરએસ ફેકલ્ટી એસોસિએશન દ્વારા તબીબી શિક્ષકો તથા નર્સિંગ સ્ટાફનો સ્નેહમિલન કાર્યક્રમ આજરોજ સેકટર-૧૨ સિવિલ હોસ્પિટલ સંકુલ ના ઓડીટોરીયમ હોલ ખાતે યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત તબીબી શિક્ષકો તેમજ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે આયોજીત રકતદાન શિબિરમાં માત્ર ગણયાગાંઠ્યા દાતાઓએ રકતદાન કરતા માત્ર ૨૪ બોટલ રકત એકત્ર થયુ હતું.

રકતદાનને મહાદાન ગણવામાં આવે છે, માત્ર એક બોટલ બ્લડથી કોઈ દર્દીનો જીવ બચી શકે છે તેવી વાત નાગરીકોને સમજાવી રકતદાન માટે જાગૃત કરવામાં આવે છે. શહેરની સ્વૈચ્છીક સંસ્થાઓ વર્ષમાં પોતાના નિયત સમયે રકતદાન કેમ્પ યોજીને મોટીસંખ્યામાં રકતની બોટલ જમા કરાવે છે. રકતદાન અંગે નાગરીકોમાં જાગૃતિ આવે તે માટે સંસ્થાઓ દ્વારા પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે. ત્યારબાદ નાગરીકોને સમજાવીને રકતદાન માટે પ્રેરણા પુરી પાડવામાં આવે છે. ત્યારે મેડીકલ વિભાગ સાથે સંકળાયેલા તબીબી શિક્ષકો અને નર્સિંગ સ્ટાફના સ્નેહમિલનમાં હજજારોની સંખ્યા સામે માત્ર ૨૪ બોટલ રકત એકત્ર થયુ તે ચોકકસ શરમજનક સ્થિતિ કહી શકાય તેમ છે. નગરની સેવાભાવી સંસ્થાઓ પણ કેમ્પનું આયોજન કરીને વધુ માત્રામાં બ્લડ જમા કરાવે તે દિશામાં પ્રયત્ન હાથ ધરે છે. ત્યારે રકતદાન માટે નાગરીકોને સમજાવતા અધિકારી-કર્મચારીઓએ જ રકતદાન માટે નિરસતા દાખવી હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા અભ્યાસકીય કીટનું વિતરણ

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં જઈને સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં ગામમાં પાણીની અછત હોય તેવા ગામમાં નવીન બોર, વિધવા-અસહાય બહેનોને કરીયાણાની કીટ તેમજ શાળાના બાળકોને વિવિધ અભ્યાસકીય કીટનું વિતરણ સમયાંતરે કરવામાં આવે છે. ત્યારે તાજેતરમાં અરવલ્લી જિલ્લાના બુઢેલી, બુધરાસણ, અજીતપુરા, પહાડા, ધરાસણા, બુધરાસણવર્ગ, અંબાબોટ, નવા પાલ્લાની સરકારી શાળાઓમાં જઈને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ૨૫૦ બોલપેન, ૧૯૨ નોટબુક, ૪૦૦ પેન્સીલ, રબ્બર, સંચાનો સમાવેશ થાય છે.




**જીએમઇઆરએસ ફેકલ્ટી એસોસિએટ્સનો સ્નેહ મિલન અને અભિવાદન સમારંભ**

જીએમઈઆરએસ ફેકલ્ટી એસોસિએટૂસનો સ્નેહ મિલન અને અભિવાદન સમારંભ આંતરરાષ્ટ્રીય ડૉકટર દિન નિમિત્તે ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયો હતો. સ્નેહ મિલન સમારંભને આરોગ્ય અને પરિવાર કલ્યાણના રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ડૉકટર દિવસે ફેકલ્ટી એસોસિએટૂસ દ્વારા આયોજીત આ કાર્યક્રમ પારિવારિક ભાવના સાથે જોડાયેલ કાર્યક્રમ છે, તેના આયોજન કરનાર સર્વે એસોસિએટૂસના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. જીએમઈઆરએસ એ રાજયની આઠ મેડિકલ કોલેજોનો પરિવાર છે. સર્વ કોલેજના સભ્યોને એક તાંતણે બાંધવા માટે સ્નેહ મિલન સમારંભ ખૂબ જ જરૂરી છે.


## જિલ્લા પંચાયત ગાંધીનગર

વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે ૧૪માં નાણાંપંચ હેઠળ સ્થપાયેલ પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટ - રૈં હેઠળ રાજ્ય કક્ષાની જગ્યાની આઉટ સોર્સિંગથી ભરતી કરવા નીચેની વિગતે ભરવાપાત્ર જગ્યાઓ આઉટસોર્સિંગથી સેવાઓ લેવા એક વર્ષના સમય માટે એજન્સી નક્કી કરવાની હોઈ આવી સેવાઓ પુરી પાડવામાં રસ ધરાવતી એજન્સી / સંસ્થા / કંપનીઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭માં બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગરને સદરહુ ભાવો સ્વીકારવા કે રદ કરવા અંગે અબાધિત અધિકાર રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | માસિક ફિક્સ પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | સ્ટેટ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર | ૧ | MBA (55%) with BE (Computer) (50%)<br>ઉંમર - ૨૫ થી ૪૫,<br>અનુભવ : ઓછામાં ઓછો ૨ વર્ષ | ૩૦,૦૦૦/- |
| ૨ | એમ.આઈ.એસ. કો-ઓર્ડિનેટર | ૧ | BCA/PGDCA/MS.C. (IT) with 2nd Class<br>ઉંમર - ૨૫ થી ૪૫<br>અનુભવ : ઓછામાં ઓછો ૨ વર્ષ | ૧૦,૦૦૦/- |

સહી/-
જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર

ક્રમાંક:જિપ/નાણાપંચ/વશી/૨/૨૦૧૭

માહિતી/૮૯૮/૧૭-૧૮



ટચૂકડી જાહેર ખબર

**NAME CHANGE**

My old name was SUTHAR AMRUTBHAI KACHARABHAI that will be change name is MEVADA AMRUTLAL KACHARABHAI
Sign
**Mevada Amrutlal K.**
Plot No. 643, Sector-6/B, Gandhinagar

**નામ બદલેલ છે**

મારું જુનું નામ સુથાર અમૃતભાઈ કચરાભાઈ હતું જે હવેથી બદલીને મેવાડા અમૃતલાલ કચરાભાઈ રાખેલ છે.
લી.
**મેવાડા અમૃતલાલ કચરાભાઈ**
પ્લોટ નં. ૬૪૩,
સેક્ટર-૬/બી, ગાંધીનગર